**અમદાવાદ (ગ્રામ્ય) ના મહે.બીજા એડી.જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ (ફર્સ્ટ કલાસ) સાહેબની કોર્ટમાં, મુ. મીરઝાપુર, અમદાવાદ.**

**ફોજદારી કેસ નંબર: ૯૯૧૦/૨૦૨૨**

**ફરીયાદી :** શ્રી સરકાર

**વિરુધ્ધ**

**આરોપી:** વસીમ ઉર્ફે રાજા સ/ઓ મોહમદઉમર પઠાણ

**<u>ગુન્હો : ભારતીય દંડ સહિતા, ૧૮૬૦ ની કલમ જુગાર ધારા કલમ ૧૨</u> (અ)<u>મુજબ.........</u>**

**<u>:: ચુકાદો ::</u>**

(૧) ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે તા. ૧૯/૦૩/૨૦૨૨ ના કલાક ૧૭:૦૫ વાગ્યે ઉપરોકત આરોપીએ ગુન્હો કરેલ હોય, આરોપી વિરુધ્ધ ગુન્હાની ફરીયાદ નોંધી, તપાસ પુર્ણ કરી આ અદાલતમા ભારતીય દંડ સંહિતા, ૧૮૬૦ ની કલમ જુગાર. ૧૨(અ) મુજબના ગુન્હા અંગેનું ચાર્જશીટ રજુ કરેલ છે.

(૨) આરોપીને ફોજદારી કાર્યરીતી સંહિતા, ૧૯૭૩ (સંહિતા) ની કલમ–૨૦૭ અન્વયે પોલીસ તપાસના કાગળોની નકલો પુરી પાડવામાં આવી. આરોપીએ પ્રથમ તબકકે ગુન્હા અંગે આંક –૧ લગત ગુનો કબુલ કરેલ છે. આરોપીએ ગુન્હાની કબુલાત કોઈ પણ જાતના દબાણ વગર, સ્વેચ્છાએ કરેલ છે તેની ખાતરી કરવામાં આવ્યા બાદ આરોપીની ગુન્હાની કબુલાત નોંધી આ કામે રેકર્ડ ઉપર લેવામાં આવેલ છે અને આરોપીને ભારતીય દંડ સંહિતા, ૧૮૬૦ ની **જુ.ધા.૧૨(અ)** મુજબના શિક્ષાપાત્ર ગુન્હા માટે તકસીરવાન ઠરાવવામાં આવે છે. આરોપીએ ગુન્હાનો એકરાર સ્વૈચ્છિક રીતે કરેલ છે અને તેમજ ફરી વખત આવો ગુન્હો નહીં કરવાની ખાતરી આપેલ છે. આથી દયા કરવા અરજ ગુજારેલ છે.

(૩) ફરિયાદ પક્ષ તરફથી એવું કોઈ રેકર્ડ રજુ થયેલ નથી કે આરોપીએ અગાઉ ગુન્હો કરેલ હોય, જેથી આરોપીનો પ્રથમ ગુન્હો હોવાનું જણાય છે. તેમજ આરોપીએ આવા પ્રકારનો ગુન્હો નહીં કરવાની ખાતરી આપતાં હોવાથી આરોપીને સુધારવાની તક આપવી જોઈએ. આવા સંજોગોમાં આરોપીની સામેનું તહોમત તેમજ ગુન્હાની ગંભીરતા અને સજાની જોગવાઈ તેમજ આરોપીની રજુઆત ધ્યાને લેતાં, આરોપીની વિરૂધ્ધ આ પ્રથમ પ્રકારનો હોય, ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**<u>–:: હુકમ ::–</u>**

**આરોપી– વસીમ ઉર્ફે રાજા સ/ઓ મોહમદઉમર પઠાણ** રહે.મ.નં.ડી/૦૪ ઈસ્લામી કોલોની અંબર ટાવર સામે સરખેજ અમદાવાદ વાળાને ફોજદારી કાર્યરીતિ સંહિતા, ૧૯૭૩ ની કલમ–૨૫૨ અન્વયે ભારતીય દંડ સંહિતા,૧૮૬૦ ની જુ.ધા.૧૨(અ) મુજબના ગુન્હામાં તકસીરવાન ઠરાવી રૂા.૧૦૦/– (અંકે રૂા. સો) પુરા નો દંડ કરવામાં આવે છે. જો આરોપી દંડ ન ભરે તો તેઓએ ત્રણ દિવસની સાદી કેદની સજા ભોગવવાની રહેશે.

મુદામાલ પાવતીમાં દર્શાવેલ મુદામાલ રોકડ નાણાં સરકાર ખાતે ખાલસા કરવાનો હુકમ કરવામાં આવે છે.

આરોપી ના જામીન ખત અને જાત મુચરકા રદ કરવામાં આવે છે.

હુકમ આજ તારીખ: ૨૬ મી, માહે: જુન, સને ૨૦૨૨ નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ: ૨૬/૦૬/૨૦૨૨
અમદાવાદ

**(એચ.જે.વસાવડા)**
બીજા એડી.જ્યુ.મેજી. ફ.ક.,
અમદાવાદ (ગ્રામ્ય) મીરઝાપુર.
યુ.આઈ.સી.કોડ નં.૦૧૩૮૬